
## વડીલોને વંદન અભિનંદન



મહેન્દ્રભાઈ રાઠોડ
(૧૯૫૧)મો.૯૮૯૮૦૬૭૮૧૩

# પ્રાંતિજ શહેરમાં રખડતી ગાયોનો માર્ગ પર અડીંગો

## રાહદારી અને વાહન ચાલકો પરેશાન

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ શહેરમાં બસ સ્ટેન્ડથી મુખ્ય માર્ગ સુધી રખડતી-ભટકતી ગાયોનો પણ ત્રાસ દિવસે ને દિવસે વધતા ટ્રાફિકની સમસ્યા ભારે બની છે. અને રાહદારીઓમાં રખડતી ગાયોને લઈ ડર જોવા મળી રહ્યો છે.

પ્રાંતિજ શહેરમાં છેલ્લા ઘણા સમયથી માર્ગો પર જેમ તેમ બેસી જતી અને રખડતી ગાયો લોકો માટે માથાના દુખાવા સમાન બની ગઈ છે શહેર શાકમાર્કેટ, રેલવે સ્ટેશન અને એપ્રોચ માર્ગ પર સવાર સાંજ ગાયોના ટોળે ટોળા બેસી જાય છે. પરિણામે રાહદારીઓ અને વાહન ચાલકોને માર્ગ પર પસાર થવું મુશ્કેલ બન્યું છે. ગાયોના ભાસને લીધે લોકોને ભેટ્ટુ મારવાના બનાવો પણ બનવા પામ્યા છે. ત્યારે સત્વરે આ રખડતી ગાયોને માર્ગ પરથી તંત્ર દ્વારા દૂર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# લાંચ કેસમાં હાઈકોર્ટે બે આરોપીને આપેલા શરતી જામીન

અમદાવાદ, તા.૪

સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવનાર નારાયણ સાંઈ લાંચ કાંડમાં સક્રિય ભૂમિકા ભજવનાર આરોપીઓ નરેશ મનકાણી અને ચંદુ કુંભાણી દ્વારા દાખલ જામીન અરજીમાં ગુજરાત હાઈકોર્ટે બંને આરોપીઓને સુરત જિલ્લામાં નહીં પ્રવેશવાની શરતે જામીન આપ્યા છે.

સુરતની યુવતીઓ આસારામના દીકાર નારાયણ સાંઈ દ્વારા બળાત્કાર કર્યો તેવી ફરિયાદ નોંધાઈ હતી. જેમાં નારાયણ સાંઈ ઘણા સમય સુધી અન્ડર ગ્રાઉન્ડ રહ્યો હતો. પરંતુ થોડા સમય બાદ ધરપકડ કરી લેવામાં આવી હતી. નારાયણ સાંઈ દ્વારા કેસને નબળો પાડવા કરોડો રૂપિયાની લાંચ આપવાની યોજના બનાવાઈ હતી. નરેશ મનકાણી અને ચંદુ કુંભાણીએ નારાયણ સાંઈ બળાત્કાર કેસમાં નારાયણ સાંઈ સામે ઢીલી કાર્યવાહી કરવા માટે પોલીસને રૂપિયા દસ કરોડની લાંચ આપવાનો પ્રયાસ કરવાની ઘટનામાં ભૂમિકા ભજવવાનો આરોપ હતો. આ બંને આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી જેમાં હાઈકોર્ટે બંને આરોપીઓને સુરતમાં નહીં પ્રવેશવાની શરતે જામીન પર મુક્ત કર્યો છે. હાઈકોર્ટે આ પૂર્વે આ કેસમાં અન્ય એક મહત્વના આરોપીને પણ જામીન આપ્યા હતા.

## ભાજપ હસ્તક

● અનુસંધાન પહેલાનું ચાલુ

જૂથવાદ કે અન્ય બાબતો અંગે મૌન સેવ્યુ હતું.

પહેલાં પ્રદેશ કાર્યાલયમાં ૮ સભ્યો અને પંચાયતના મહારથીઓ શ્રી દિલીપભાઈ પટેલ, શ્રી મનુભાઈ પટેલ(સરઢવ), શ્રી રમેશભાઈ પટેલ, શ્રી હરેશભાઈ પટેલ સહિતના ૧૦ થી વધુ આગેવાનો જોડાઈ રહ્યાની જાહેરાત કરાઈ હતી. આ પછી શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગાંભુસિંહ પણ ભાજપ કાર્યાલયમાં આવી પહોંચ્યા હતા અને તેમણે ભાજપમાં જોડાવાની જાહેરાત કરતાં આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિ અમીને કેસરી ખેસ પહેરાવી તેમને આવકાર્યા હતા.

ભાજપમાં જોડાયેલા આ સભ્યોને આવકાર આપતાં શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે શ્રીમતિ હીનાબેન પટેલ સ્વગૃહે પરત આવ્યા છે. શ્રી મનુભાઈ પટેલ અને શ્રીમતિ ઉષાબેન પટેલ પણ અગાઉ ભાજપ સાથે જ સંકળાયેલ હતા.

આ સમારોહમાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્યો શ્રી શંભુજી ઠાકોર, શ્રી અશોક પટેલ, ખાદી બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

## નબળું જિલ્લા નેતૃત્વ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અગાઉ કારોબારી સમિતિના ચેરમેનની સત્તાઓ પાછી ખેંચાઈ તે વખતે ચાવડા ગૃપ બાળવો કરવાના મૂડમાં હતું પરંતુ પ્રદેશની સલાહને લઈ મામલો થાળે પડ્યો હતો. આ પછી પ્રમુખ દ્વારા સામાન્ય સભામાં એન.એ. ના પ્રકરણો અને નાણાંકીય વહીવટની વાતો પ્રદેશ સમિતિમાં રજુ કરાઈ ત્યારે સૌ સભ્યોએ એકી અવાજે ચાવડા વિરોધી રજુઆતો કરી હતી. એ વખતે જ પ્રમુખના રાજીનામાની માંગણી થઈ હતી. આ મામલો પણ થાળે પાડવામાં પ્રદેશ નેતાઓએ દરમ્યાનગીરી કરવી પડી હતી.

પ્રમુખ સામે આ પછી ગત સપ્તાહે સહિ ઝુંબેશનો આરંભ કરાતાં ઓપરેશનમાં વળાંક આવ્યો હતો અને તે ગતિશીલ બન્યું હતું.

એક તબક્કે ભાજપના જ બે જેટલા આગેવાનો સભ્યોને સમાવવાના મુદ્દે વિરોધ કરવા દોડી ગયા હતા પરંતુ પ્રદેશ ભાજપ કે મંત્રી મંડળમાં ગજ વાગ્યો ન હોવાથી નારાજ થયા હતા.

ભાજપે આ આખુ ઓપરેશન અત્યંત સાવકાઈ દાખવી અને હાથ ધર્યુ હતુ. જિલ્લાના આગેવાનો પણ લગભગ અજાણ હતા. આજે શહેરના આગેવાનો અને ધારાસભ્યો સિવાય અન્ય નેતાઓની ગેરહાજરી આ વાતનો પુરાવો પુરતી હતી.

કોંગ્રેસમાં પ્રદેશ નેતાઓના આર્શીવાદથી જ જિલ્લામાં જૂથવાદને વકરાવવામાં આવી રહ્યો છે. આ જૂથવાદની લડાઈમાં કોંગ્રેસે પહેલાં કોર્પોરેશન ગુમાવી હતી અને હવે જિલ્લા પંચાયત ગુમાવવાનો વારો આવ્યો છે. જૂથવાદને કારણે જ વિધાનસભાની ચૂંટણીમાં બેઠકો પણ ગુમાવવી પડી છે. ભાજપની તાકાતમાં વધારો થયો છે. હવે ચાર તાલુકા પંચાયતો અને ત્રણ નગરપાલિકામાં અને મનપામાં ભાજપ સત્તા પર છે. જો કે પ્રદેશ નેતાગીરી જિલ્લા પ્રમુખનો કાર્યભાર કોણ સંભાળે તે મુદ્દે જ સ્પષ્ટ નથી થઈ શકી તે સંગઠ્ઠન હવે શું કરશે ? તેવી ચર્ચાઓ ચોરે ને ચૌટે થઈ રહી છે.

# પંજાબ હુંડાઈ દ્વારા કસ્ટમર મીટનું આયોજન કરાયું

## ગ્રાહકોને પર્યાવરણ બચાવવા અંગે ઉપયોગી ટીપ્સ આપવામાં આવી

ગાંધીનગરના સેકટર-૨૮ ખાતે આવેલ પંજાબ હુન્ડાઈના શો રૂમ ખાતે તા. ૨૫મી જુલાઈએ 'કસ્ટમર મીટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હુન્ડાઈ કાર વાપરતા ગ્રાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કસ્ટમર મીટની મુખ્ય થીમ 'સેવ એન્વાર્યમેન્ટ' હતી જેમાં ગ્રાહકોને પર્યાવરણને બચાવવા શું કરવું જોઈએ તેની માહિતી આપવામાં આવી હતી.



પંજાબ હુંડાઈ દ્વારા એક પ્રશંસાત્મક પગલાં રૂપે 'પર્યાવરણને બચાવો' થીમ આધારિત કસ્ટમર મીટમાં તેના ગ્રાહકોને 'એક છોડ વાવો અને પર્યાવરણને બચાવવામાં સહયોગ આપો' તેવી હૃદયસ્પર્શી અપીલ કરવામાં આવી હતી. આ કસ્ટમર મીટમાં ગ્રાહકોને વાહન કવી રીતે ચલાવવું જેથી પર્યાવરણને ઓછું નુકશાન થાય તે અંગે પણ ટીપ્સ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકો દ્વારા ડાન્સ, ગેમઝોન અને ડીજેનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરાયો હતો. કાર્યક્રમના અંતે બાળકોને ઈનામો અપાયા હતા. ઉપસ્થિત ગ્રાહકોએ બાળકોને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવ્યા હતા.

## કંપની સમાચાર

### ડી.એસ. કુલકર્ણી ડેવલપર્સ લિમિટેડનો એનસીડી ઈશ્યૂ ખુલી ગયો

ડીએસ કુલકર્ણી ડેવલપર્સ લિમિટેડે ('કંપની' અથવા 'ઈશ્યૂઅર') ઓપ્શન ૧, ૨ અને ૪ હેઠળ રૂ. ૫૦૦૦ની મૂળ કિંમત ધરાવતા અને ઓપ્શન ૩ હેઠળ રૂ. ૨૫૦૦૦ની મૂળ કિંમત ધરાવતા સિકયોર્ડ રિડીમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડીનો જાહેર ઈશ્યૂનો ચોથી ઓગસ્ટ ૨૦૧૪ના રોજ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઈશ્યૂનું કુલ મુલ્ય રૂ. ૧૦૦ કરોડનું રહેશે. (આટલી જ રકમના ઓવરસબસ્ક્રિપ્શનને પોતાની પાસે રાખવાના વિકલ્પ સહિત), જેના લીધે ઈશ્યૂનું કુલ મૂલ્ય વધીને રૂ. ૨૦ કરોડ સુધીનું (ઈશ્યૂનું કુલ કદ) થઈ જશે.


### ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા કેટરર્સ દ્વારા ૩ દિવસીય આંતરરાષ્ટ્રીય સ્તરના 'ફૂડ-ટ્રેડ એકસ્પો'નું અમદાવાદમાં આયોજન

ભારતીય કેટરીંગ ઈન્ડસ્ટ્રીના હિતોની સુરક્ષા અને એક સૌથી વિશાળ પ્લેટફોર્મ બની રહે એ માટે સ્થાપિત ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા કેટરર્સ (એફએઆઈસી) દ્વારા તેના આગામી ૩ દિવસીય ફૂડ ટ્રેડ એકસ્પો-૨૦૧૪ ની ઘોષણા કરવામાં આવી હતી. ફૂડ ટ્રેડ એકસ્પો-૨૦૧૪નું આયોજન આકાર એક્ઝિબિશન સાથેના સહયોગથી કરવામાં આવશે. આકાર એક્ઝિબિશન છેલ્લા ૧૫ વર્ષથી વિશ્વસતરીય પ્રદર્શનોમાં દ્વિતીય ક્રમના વિશાળ આયોજક તરીકેનું સ્થાન ધરાવે છે.

જીએમડીસી કન્વેન્શન હોલમાં ૪ ઓગષ્ટ, ૨૦૧૪ થી ૬ ઓગસ્ટ-૨૦૧૪ સુધી આ ૩ દિવસીય ફૂડ ટ્રેડ એકસ્પો યોજાશે, જેનો હેતુ ભારતીય ફૂડ ઈન્ડસ્ટ્રીને નવા રોમાંચક આકર્ષણો આપવાનો છે, જેમાં અગ્રણી ઈકિવપમેન્ટસથી માંડીને ફૂડ પ્રોડકટસ બ્રાન્ડસ એક સ્થળે પ્રાપ્ત થશે તેમજ લાઈવ વર્કશોપ્સ, નેટવર્કિંગ ઓપોર્ચ્યુનિટીઝ અને અઢળક માહિતી સામેલ હશે.

આ પ્રસંગે એફએઆઈસીના પ્રેસિડન્ટ નરેન્દ્ર સોમાણીએ જણાવ્યું હતું કે, આજે એફએઆઈસી એક રાષ્ટ્રીય કક્ષાનું નેટવર્કિંગ પ્લેટફોર્મ બની ગયું છે. જેમાં દેશભરનાં ૫૦૦૦ થી વધુ કેટરર્સ સામેલ છે અને અમે આ બે દિવસનાં કોન્કલેવ અને ૩ દિવસના ફૂડ ટ્રેડ એકસ્પોમાં અમારા ફેડરેશનની શક્તિ દર્શાવવા ઈચ્છીએ છીએ. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ભારતભરના ઉત્પાદકો અને વેપારીઓને તેમની પ્રોડક્ટસ અને ટેકનોલોજી દર્શાવવાનો ઉત્તમ માર્ગ દર્શાવવાનો છે.

## શબ્દાવલી - ૫૪૬૮




### આડી ચાવી

૧. તુચ્છકાર (૪)
૪. પથરીના દર્દમાં કામ આપતું કઠોળ(૩)
૬. સફળ થવું તે, ... મળવી(૪)
૭. ચર્ચા, તકરાર (૨)
૮. રગડો,... પેટીસ, એક વાનગી (૩)
૧૦. ... કોર્ટમાં ધર્મગ્રંથના સોગંધ લેવાય છે (૨)
૧૧. કંજૂસ, સાવ (૨)
૧૨. અવાજ, શોર (૨)
૧૩. વાંસની નાની ટોપલી (૩)
૧૫. શ્રાવણી પૂનમે બહેનને અપાતી ભેટ (૫)
૧૭. 'ચલણ' શબ્દ ગોઠવો (૩)
૧૮. હિન્દીમાં પાલવને... કહેવાય (૩)
૨૦. કળાય નહિ તેવું (૩)

### ઊભી ચાવી

૧. મુરખ, ધુતારો (૨)
૨. ખેપિયો, સંદેશ લઇ જનાર માણસ (૩)
૩. નકામુ, ખપ વગરનું (૨)
૪. લાઇન (૩)
૫. ફાટેલી જગ્યા પર મુકેલ બીજા સાંધેલ ટૂકડા (૩)
૭. પૃથ્વીને વીંટળાઇ રહેલ વાયુનું આવરણ (૫)
૯. આશ્ચર્ય, નવાઇ (૩)
૧૦. ગીરો મુકયું હોય તેવું (૩)
૧૧. રેલવે-વહાણ આગબોટ વગેરે દ્વારા મોકલાતું પોટલું - બંડલ(૪)
૧૪. પેટ્રોલ અને... દ્વારા વાહનો ચાલે (૩)
૧૬. પચી જાય તે, પરત જવું(૩)
૧૮. એકા-અગિયારા વગેરે(૨)
૧૯. ખંજવાળ (૨)

### શબ્દાવલી ૫૪૬૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) અહેસાન (૪) મસ્તક (૬) હેલન (૭) ભાનુ (૮) આયુષ્યમાન (૧૦) સરસીયું (૧૨) ધનુર (૧૬) પાધરુ (૧૭) રજ (૧૮) કેળુ (૧૯) માજતવ (૨૧) મસીહા (૨૨) સ્તુતિ

**ઊભી ચાવી :-** (૧) અહેસાસ (૨) હેલ (૩) જ્ઞાન (૪) મનુષ્ય (૫) કથન (૭) ભાયુ (૮) આયુધ (૯) માછી (૧૧) રતાંધળુ (૧૩) નુરજહા (૧૪) રજત (૧૫) સસ્તુ (૧૬) પાકેલુ (૧૯) માસી (૨૦) વસ્તુ

## જાહેર હરાજી

કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ (આ.વિ.) ગાંધીનગરનું ઈન્ફેનીયમ ટોયેટા કૉલીસ વાહન નં. જીજે-૧૮-જી-૧૭૪૦ મોડેલ-૨૦૦૪ કંડમ કરેલ હોય ઈન્ફીનીયમ ટોયેટા સર્વિસ સ્ટેશન નરોડા, અમદાવાદ ખાતે વાહન હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં તેનું જાહેર હરાજીથી વેચાણ કરવાનું હોય તા. ૮/૮/૨૦૧૪ના રોજ ૧૧-૦૦ કલાકે નરોડા વર્કશોપ, અમદાવાદ ખાતે હરાજી રાખેલ હોય રસ ધરાવતી પાર્ટીને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. હરાજીની રકમ રોકડમાં તે જ સ્થળે આપવાની રહેશે.

સહી/-
અધિક નિયામક (આરોગ્ય)
ગાંધીનગર

માહિતી/૮૯૯/૧૪-૧૫

## જાહેર ખબર

મહેસૂલ વિભાગ હસ્તકની ટોયોટા ક્વૉલીસ જીજે-૧૮-જી-૧૩૨૦ તથા જીજે-૧૮-જી-૧૩૧૪, મોડેલ-૨૦૦૧ જ્યાં છે ત્યાં અને જેવી છે તેવી હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે. વાહનો તા. ૧૧/૮/૨૦૧૪ના રોજ કચેરી સમયમાં સંપર્ક કરવાથી જીજે-૧૮-જી-૧૩૦૨ બ્લોક નં. ૯ તથા બ્લોક નં. ૧૧ની વચ્ચે તથા જીજે-૧૯-જી-૧૩૧૪ બ્લોક નં.૧૧ના ભોંયતળીયાના પાર્કીંગ, સચિવાલય, ગાંધીનગર ખાતે જોઈ શકાશે. ભાવપત્રકો તા. ૧૯/૮/૨૦૧૪ સુધીમાં સીલબંધ કવરમાં મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૨૧/૮/૨૦૧૪ના રોજ બપોરે ૧૫-૦૦ કલાકે ખોલવામાં આવશે. મહત્તમ ભાવપત્રક સ્વીકારવું કે કેમ, તેની સત્તા સક્ષમ અધિકારીની રહેશે. જે પાર્ટીનું ભાવપત્રક સ્વીકારવામાં આવશે, તે પાર્ટીએ દર્શાવેલ ભાવપત્રક મુજબની રકમ તથા તે ઉપર ચુકવવાપાત્ર નિયમોનુસાર વેરા ભરવાના રહેશે. જીજે-૧૮-જી-૧૩૧૪ની તળિયાની કિંમત રૂ. ૧,૪૫,૦૦૦/- છે તથા જીજે-૧૮-જી-૧૩૨૦ની તળીયાની કિંમત રૂ. ૧,૨૫,૦૦૦/- છે.

સહી/-
(વાય.આઈ. કુરેશી)
ઉપસચિવ,
મહેસુલ વિભાગ, બ્લોક નં.૧૧,
પમો માળ, સચિવાલય, ગાંધીનગર

માહિતી/૯૦૭/૧૪-૧૫

KALPA-TARU®

# KALPATARU POWER TRANSMISSION LTD.

REGD. OFFICE : 101, PART-III, G.I.D.C. ESTATE, SECTOR - 28, GANDHINAGAR-382028.
CIN : L40100GJ1981PLC004281

## UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2014

(₹ in Lacs)

| Sr. No. | Particulars | For Quarter Ended 30/06/2014 (Unaudited) | 31/03/2014 (Unaudited) | 30/06/2013 (Unaudited) | Year Ended 31/03/2014 (Audited) |
|---|---|---|---|---|---|
| | **PART-I STATEMENT OF FINANCIAL RESULTS** | | | | |
| 1 | **Income from Operations** | | | | |
| | (a) Net Sales/Income from Operations (Net of Excise duty) | 104,885 | 1,13,825 | 87,959 | 4,00,337 |
| | (b) Other Operating Income | 1,453 | 1,386 | 1,001 | 5,188 |
| | **Total Income from Operations (net):** | **106,338** | **1,15,211** | **88,960** | **4,05,525** |
| 2 | **Expenses** | | | | |
| | (a) Cost of materials consumed | 46,954 | 50,869 | 41,249 | 1,90,948 |
| | (b) Purchase of stock-in-trade | - | - | - | - |
| | (c) Changes in inventories of finished goods, Work-in-Progress and Stock-in-trade | (2,656) | (843) | (2,268) | (4,325) |
| | (d) Erection & Sub-Contracting Expenses | 28,554 | 32,269 | 24,362 | 1,04,143 |
| | (e) Employee Benefits Expense | 7,418 | 7,665 | 5,815 | 26,020 |
| | (f) Depreciation & Amortisation Expense | 2,044 | 1,822 | 1,590 | 6,955 |
| | (g) Other Expenditure | 15,441 | 14,341 | 10,604 | 50,114 |
| | **Total Expenses:** | **97,755** | **1,06,123** | **81,352** | **3,73,855** |
| 3 | Profit / (Loss) from Operations before Other Income, finance cost and Exceptional Items (1-2) | 8,583 | 9,088 | 7,608 | 31,670 |
| 4 | Other Income | 1,056 | 1,058 | 1,334 | 4,838 |
| 5 | Profit / (loss) from ordinary activities before finance cost and Exceptional Items (3+4) | 9,639 | 10,146 | 8,942 | 36,508 |
| 6 | Finance Costs | 3,278 | 3,173 | 3,825 | 14,599 |
| 7 | Profit / (Loss) from ordinary activities after finance cost but before Exceptional Items (5-6) | 6,361 | 6,973 | 5,117 | 21,909 |
| 8 | Exceptional Items | - | - | - | - |
| 9 | Profit / (Loss) from Ordinary Activities before Tax (7-8) | 6,361 | 6,973 | 5,117 | 21,909 |
| 10 | Tax Expense | 2,175 | 2,271 | 1,650 | 7,271 |
| 11 | Net Profit / (Loss) from Ordinary Activities after Tax (9-10) | 4,186 | 4,702 | 3,467 | 14,638 |
| 12 | Extraordinary Items (net of tax expense ₹ in lacs) | - | - | - | - |
| 13 | **Net Profit(+) / Loss(-) for the period (11-12)** | **4,186** | **4,702** | **3,467** | **14,638** |
| 14 | Paid Up Equity Share Capital (Face Value of ₹ 2/- each) | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| 15 | Reserve excluding Revaluation Reserves as per Balance sheet of previous accounting year | - | - | - | 1,92,320 |
| 16.i | Earnings Per Share (EPS) (before extraordinary items of ₹ 2 each) (not annualised) | | | | |
| | a) Basic | 2.73 | 3.06 | 2.26 | 9.54 |
| | b) Diluted | 2.73 | 3.06 | 2.26 | 9.54 |
| 16.ii | Earnings Per Share (EPS) (after extraordinary items of ₹ 2 each) (not annualised) | | | | |
| | a) Basic | 2.73 | 3.06 | 2.26 | 9.54 |
| | b) Diluted | 2.73 | 3.06 | 2.26 | 9.54 |
| | **PART-II SELECT INFORMATION FOR THE QUARTER ENDED 30/06/2014** | | | | |
| A | PARTICULARS OF SHAREHOLDING | | | | |
| 1 | Public Shareholding | | | | |
| | No. of Shares | 6,22,25,907 | 6,22,25,907 | 6,43,99,376 | 6,22,25,907 |
| | Percentage (%) of Shareholding | 40.55 | 40.55 | 41.97 | 40.55 |
| 2 | Promoters and Promoter Group Shareholding | | | | |
| | a) Pledge / Encumbered | | | | |
| | No. of Shares | 3,15,24,601 | 3,36,24,601 | 4,64,24,601 | 3,36,24,601 |
| | - Percentage of Shares(as a % of the total Shareholding of promoter and promoter group) | 34.55 | 36.86 | 52.13 | 36.86 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 20.54 | 21.91 | 30.25 | 21.91 |
| | b) Non-encumbered | | | | |
| | No. of Shares | 5,97,10,062 | 5,76,10,062 | 4,26,36,593 | 5,76,10,062 |
| | - Percentage of Shares (as a % of the total Shareholding of promoter and promoter group) | 65.45 | 63.14 | 47.87 | 63.14 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 38.91 | 37.54 | 27.78 | 37.54 |

| | Particulars | 3 months ended 30/06/2014 |
|---|---|---|
| B | **INVESTOR COMPLAINTS** | |
| | Pending at the beginning of the quarter | Nil |
| | Received during the quarter | Nil |
| | Disposed of during the quarter | Nil |
| | Remaining unresolved at the end of the quarter | Nil |

## SEGMENT WISE REVENUE, RESULTS AND CAPITAL EMPLOYED FOR THE QUARTER ENDED 30TH JUNE, 2014

(₹ in Lacs)

| Sr. No. | Particulars | For Quarter Ended 30/06/2014 (Unaudited) | 31/03/2014 (Unaudited) | 30/06/2013 (Unaudited) | Year Ended 31/03/2014 (Audited) |
|---|---|---|---|---|---|
| A | **Segment Revenue** | | | | |
| | a) Transmission & Distribution | 99,280 | 1,05,426 | 82,262 | 3,77,467 |
| | b) Infrastructure EPC | 5,664 | 8,271 | 5,480 | 22,119 |
| | c) Others | 1,394 | 1,514 | 1,218 | 5,939 |
| | **TOTAL:** | **106,338** | **1,15,211** | **88,960** | **4,05,525** |
| | Less: Inter Segment Revenue | - | - | - | - |
| | **Net Sales / Income from Operations** | **106,338** | **1,15,211** | **88,960** | **4,05,525** |
| B | **Segment Results** [Profit (+) / Loss (-) before tax & Finance cost) | | | | |
| | a) Transmission & Distribution | 9,875 | 11,117 | 8,305 | 37,042 |
| | b) Infrastructure EPC | (1,354) | (1,585) | (676) | (5,233) |
| | c) Others | 81 | 158 | 6 | 507 |
| | **Total:** | **8,602** | **9,690** | **7,635** | **32,316** |
| | Less : Finance cost | 3,278 | 3,173 | 3,825 | 14,599 |
| | Add : Other un-allocable income net off un-allocable expenditure | 1,037 | 456 | 1,307 | 4,192 |
| | **Total Profit Before Tax:** | **6,361** | **6,973** | **5,117** | **21,909** |
| C | **Capital Employed** [Segment Assets - Segment Liabilities] | | | | |
| | a) Transmission & Distribution | 162,631 | 1,55,911 | 1,45,758 | 1,55,911 |
| | b) Infrastructure EPC | 31,279 | 34,638 | 38,385 | 34,638 |
| | c) Others | 5,958 | 4,718 | 6,623 | 4,718 |
| | d) Unallocable | 81,594 | 79,125 | 74,394 | 79,125 |
| | **TOTAL:** | **281,462** | **2,74,392** | **2,65,160** | **2,74,392** |

**Note:**

1. The above results were reviewed by the Audit Committee and recommended for approval of the Board and approved by the Board at their meeting held on 4th August, 2014.
2. The Statutory Auditors of the Company have conducted a "limited review" of the above financial results.
3. The figures for the quarter ended 31st March-14 are the balancing figures between audited figures in respect of full financial year ended March 31, 2014 and the published year to date figures upto the third quarter of that financial year.
4. Effective from 1st April, 2014, the Company has charged depreciation based on the remaining useful life of the assets as per the requirements of Schedule II of the Companies Act, 2013 ("the Act"). Consequent to this, depreciation charge for the quarter ended on 30th June, 2014 is higher by ₹ 145 Lacs. In accordance with the transitional provisions provided in Note 7(b) of Schedule II of the Act, an amount of ₹ 402 Lacs (net of deferred tax) has been adjusted against the opening balance of retained earnings in respect of assets wherein the remaining useful life of the assets is Nil.
5. The Previous Period's / Year's figures have been regrouped / rearranged wherever considered necessary.

By Order of the Board of Directors
For KALPATARU POWER TRANSMISSION LTD.
Ranjit Singh
Managing Director

Place : Mumbai
Dated : 04th August, 2014

Please visit our website: www.kalpatarupower.com